**વિવિધતા**

# દ્વિતીય પારંપરિક વાનગી મેળો

*૨૮-૨૯ ફેબ્રુઆરીએ યોજાયેલા વાનગીમેળાની સફળતા બાદ ૪-૫ ડિસેમ્બરના રોજ દ્વિતીય મેળાનું આયોજન આઇ.આઇ.એમ. વસ્ત્રાપુર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦,૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો. આ મેળાની અવનવી વાતો અહીં રજૂ કરી છે. દ્વિતીય વાનગી મેળો ઘણીબધી રીતે નાવીન્યપૂર્ણ રહ્યો. હની બી નેટવર્ક સાથે જોડાયેલી ભગિની સંસ્થાઓએ પોત-પોતાના વિસ્તારની પારંપરિક વાનગીઓ રજૂ કરી હતી.*



ગુજરાતના ૫૪ સ્ટોલ ઉપરાંત તમિલનાડુ, કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાંચલ અને પંજાબની વાનગીઓ રજૂ થઈ હતી.

આ દ્વિતીય મેળો પારંપરિક જ્ઞાન અને જૈવિક વિવિધતા ઉપર આધારિત સંશોધનો માટે એક ઉજવણી સમાન હતો. હની બી નેટવર્ક લોકોનું જ્ઞાન અને જૈવિક વિવિધતાને સંલગ્ન અન્ય સ્ત્રોતોનું સંકલન કરે છે. આ દ્વિતીય મેળામાં રાય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા ૬૦૦થી વધુ ગ્રાહકોનો પદ્ધતિસર અભ્યાસ કરી પર્યાવરણમિત્ર પેદાશો પ્રત્યે ગ્રાહકોની રુચિ જાણવાનો પ્રયાસ કર્યો છે. જયારે વાનગી હરીફાઈ અને બાળકોમાં સર્જનાત્મકતાના કૌશલ્યને ખીલવવા બીજી અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી.

અનુભવે અમે સમજયા છીએ કે ઘણા ગરીબ ખેડૂતો પાસે ખર્ચ કરવાની કોઈ ત્રેવડ ન હોઈ અથાર્ત્ કોઈ અન્ય વિકલ્પ ન હોવાથી સજીવ ખેતી અને દેશી જાતોનું વાવેતર કરે છે આવાં દેશી જાતોનાં સજીવ ઉત્પાદનો સજીવ ખેતીની માંગને વધુ મજબૂત બનાવશે. પાક અને ખોરાકની વિવિધતા સાંસ્કૃતિક વિવિધતા સાથે મજબૂત રીતે સંકળાયેલી છે. એકનું સંરક્ષણ બીજા વગર શક્ય નથી. પારંપરિક વાનગીમેળાએ સંસ્કૃતિની વિવિધતા, વાનગીની અલગ-અલગ પદ્ધતિઓ અને સંસ્કારની ઉજવણીનો પ્રસંગ હતો.

આ દ્વિતીય મેળામાં જતન, ગણતર, ચેતના, સરલ, ગ્રાહક શિક્ષણ સંશોધન સંસ્થા (સી.ઇ.આર.સી.) સિવિલ હોસ્પિટલ અમદાવાદ, અખંડ જ્યોત ફાઉન્ડેશન, ગ્રામભારતી અમરાપુર, સંશોધન અને સમાજ વિકાસ કેન્દ્ર- ભુરાવાંઢ જેવી સંસ્થાઓએ પોતપોતાના સ્ટોલ લગાવી લોકજાગૃતિનું કાર્ય કર્યુ હતુ.

આ મેળાનાં મુખ્ય આકર્ષણો નીચે મુજબ છે. :

- સાત હજાર બાળકો સહિત કુલ ૨૫ હજાર લોકોએ મેળામાં સાત્વિક વાનગીઓનું જમણ લીધું.
- ગુજરાતના ૫૪ સ્ટોલ અને અન્ય રાજ્યોના ૬ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા.
- બે દિવસ દરમ્યાન રૂ. ૮ લાખથી વધુનુ વેચાણ થયુ.
- ૭, હજારથી વધુ બાળકો સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભર્યા.
- પારંપરિક વાનગીઓ ખાવામાં લોકોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો. મેળામાં તમામ સ્ટોલમાં રવિવારે સાંજે ખાવાનું પૂરું થઈ ગયું હતું.
- ખેડૂત હાટમાં ૧૨ ખેડૂતોની ખેતપેદાશોનું સંપૂર્ણ વેચાણ થઈ ગયુ.
- મેઘરજ વિસ્તારમાંથી આદિવાસીઓએ બિનરાસાયણિક આદુ, હળદળ, રતાળુ અને અળવીનું વેચાણ કર્યું.
- કચ્છમાંથી બીજોરું, કાંઠુ, લીંબુ, કઠંબડા,

ભેંસનું શુદ્ધ ઘી અને છાશનું વેચાણ થયુ.

- મહેસુલમંત્રી કૌશિક પટેલ આ વાનગી મેળાના સમાચાર જાણી ઉત્સુકતાસહ પધાર્યા અને જણાવ્યું કે રાજ્ય સરકાર પણ સરકારી કાર્યક્રમો પરંપરાગત ધાન્યોને સ્થાન આપશે.

## વીસરાતી વાનગીઓ

સૃષ્ટિએ આ મેળામાં વીસરાતા ધાન્યોનું પ્રદર્શન પણ યોજયું હતું.

મેળામાં નીચે મુજબની વાનગીઓ રજૂ થઈ. દાલ પંચમહાલ, ખીચડી, ચીલની કઢી, તીખી ચટણી, કઢી, દેશી મકાઇના રોટલા, કોદરીની ખીચડી, સફેદ બાવટાના લાડું, જરખલીની ભાજી, લીલા ચણાના પાનની ચટણી, કાંગનો શીરો, મકાઈનો શીરો, બાવટાનાં ભજિયાં, લસણની ચટણી, મકાઈનાં પાનિયાં, મકાઈની ઘેંશ, મકાઇના પાપડ, અડદનાં વડાં, રાણી કોળીનું શાક, સૂરી કંદનું શાક, મકાઈનાં થેપલાં, લીલી મકાઈનાં ભજિયાં, મકાઈનાં વડાં, મકાઈનાં સારેવડાં, કોકમનું શરબત, બાજરીના રોટલા, ચીકુ અને જીંજરનો આઇસ્ક્રીમ, વિવિધ જાતનાં સૂપ,



સજીવ ખેતપેદાશોના વિતરકો અને ખેડૂતોની ગોષ્ઠિ

ખીચું, હાંડવો, કાઠિયાવાડી ભોજન, બીજોરાનો મુરબ્બો, ભીંડી શરબત, વરિયાળી શરબત, બીજોરા શરબત, મશરૂમની વાનગીઓ, આમળાંનું શરબત, દાળવડાં,



વાનગી હરીફાઈમાં ભાગ લેતી બહેનો

મૂઠિયાં, ચોખાનું ખીચું, ચ્યનપ્રાસ, આમળાંની કેન્ડી, નાનખટાઇ, સુખડી, મકાઈ સૂપ, મકાઈનો હલવો, મકાઇનાં સમોસાં, કશ્મીરી કાહવા, શીરો, ઘઉંના ફાડાની ખીચડી, ભાજીવડાં, ખીર, જુવારનો પોંક, પાલકવડાં, સુરતી ઊંધિયું, કંદપુરી, કુવાડિયાનાં બીજની કૉફી, લાપસી, જુવારના રોટલા, દૂધપૌંઆ, કઢી, ખીચડી, રાયતું વગેરે વાનગીઓ લોકોએ મનભરીને માણી.

૫ ડિસેમ્બરના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે સજીવ ખેતપેદાશોના વિતરકોની એક ગોષ્ઠિ યોજાઈ, જેમાં આગામી મેળાના આયોજન અંગે ચર્ચા થઈ, જેમાં સ્ટોલધારકોની ભાગીદારી વધારવા અંગે ચર્ચા થઈ, જેમાં પ્રોફેસર અનિલ ગુપ્તાએ જણાવ્યું કે હની બી નેટવર્ક મારફતે સજીવ ખેતપેદાશોની આપ-લે થાય તે જરૂરી છે. હિમાચલમાંથી અખરોટ, રાજમા, મધ, કર્ણાટકમાંથી વિવિધ જાતના મસાલા, તામિલનાડુથી નારિયેળ અને ચોખા, રાજસ્થાનથી જીરુ, તલ અને બાજરી ઉત્તરાંચલથી બાસમતી ચોખા વગેરે વગેરે જેવી પેદાશો મેળવી શકાય. તેમણે કહ્યું કે દરેક વિતરણ કેન્દ્રની પેદાશો સૃષ્ટિની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે.

બજારમાં આર્ગેનિક ફૂડની માહિતી માટે હેલ્પલાઇન ચલાવવા અંગે પણ વિચારણા થઈ.

## પરંપરાગત વાનગી હરીફાઈ

આ મેળા દરમ્યાન સૃષ્ટિએ એક પરંપરાગત વાનગી હરીફાઈનું પણ આયોજન કર્યું હતું. સૃષ્ટિ આયોજિત આ હરીફાઈમાં ૨૫ વ્યક્તિઓએ ભાગ લીધો, જેમાં ગુજરાત, રાજસ્થાન, ઓરિસ્સા, કર્ણાટકમાંથી આવેલા બહેનો અને ભાઈઓએ હોંશે હોંશે ભાગ લીધો.

આ હરીફાઈમાં બેથી વધુ વાનગી લાવવાની મનાઈ હતી. તેથી અમને પણ લગભગ ૪૯ જેટલી વાનગીઓ આ હરીફાઈમાં મળી, જેમાં રાગીના લાડુ, સામાનું પાયસમ, કોદરાની ખીચડી, કાંગનાં વડાં, બાવટાના લાડુ, મુરુક્કા (તૃણધાન્યો અને ચણાની વાનગી), કોરા લાડુ (તૃણધાન્યોના મિક્સ લાડુ) જવની મીઠાઈ, જુવારના રોટલા, મકાઈનાં ભજિયાં, બાવટાનું પૂડિંગ, મકાઈનો હાંડવો, નાગલીની ખીર, ટીડકી રબડી, આખા ફણગાવેલા મઠનાં સમોસાં, કાંગનો હલવો, વડી અને કમળકાકડીનું શાક, શણની ભાજીનું શાક, જુવાર અડદના રોટલા, લૂણીની ભાજી, કળથીનું શાક, રાગીની ઉપમા, લાલ ચોખાનો દૂધપાક, રાગીના માલપૂઆ, મકાઈ-પનીરનાં ભજિયાં, જુવાર-સોયાબીનના પૂડલા, સોયાબીન-રાગી, બંટી અને નારિયેળના લાડુ, બાવટા અને મેથીનાં મુઠિયાં,



બાવટાનું પૂડિંગ (વાનગી)

અસેળિયાની ખીર, કોદરીનાં ઢોકળાં, જુવારની મસાલા પૂરી, બીટનો હલવો, બાજરીની મસાલા ઘૂઘરી, લાલ મઠનો સૂપ, કળથીનું બેસન (પીઠલ) તુલસીનાં બીજ અને નારિયેળના લાડુ, કેળાંનાં ફૂલનું શાક જેવી પરંપરાગત અને વિશિષ્ટ વાનગીઓ હરીફાઈમાં રજૂ થઈ, જેમાં જજ તરીકે એન.સી. બોડીવાલા કોલેજનાં વિભાગીય અધ્યક્ષ અંબરબહેન ત્રિવેદી,ઇન્દર રેસિડન્સી હોટેલના ચીફ શેફ, બી.બી.એસ. ચૌહાણ તથા એસ.એલ.યુ. કોલેજનાં સ્મિતાબહેન દવેએ આ વાનગીઓની સાત્ત્વિકતા તપાસી. સમાજમાં ફાસ્ટ ફૂડ અને જંક ફૂડનો મહિમા વધી રહ્યો છે, ત્યારે આપણી પરંપરાને જાળવી રાખવા માટે પ્રયત્નશીલ આ સ્પર્ધક બહેનોને ખરેખર બિરદાવવી જોઈએ. સત્ત્વશીલ ભોજન દ્વારા સ્વસ્થ આહાર = સ્વસ્થ વિચાર = સ્વસ્થ સમાજનું નિર્માણ કરવામાં આપણે સફળ થઈ શકીશું.

સૃષ્ટિના વાચકોને આ વાનગી હરીફાઈમાં મળેલી વાનગી બનાવવાની રીત અમે ક્રમશઃ આપતાં રહીશું. બીજું કે ફરીથી ભવિષ્યમાં આવો મેળો યોજાય ત્યારે વધુ ને વધુ બહેનો આ હરીફાઈમાં ભાગ લેશે જ એવો વિશ્વાસ વધુ દૃઢ બન્યો છે.

**અનાજસંગ્રહનું પ્રદર્શન**

સૃષ્ટિના સંગ્રહકોશમાંથી પસંદ કરેલા અનાજસંગ્રહની ઉમદા રીતોનું પણ એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

૧. તલના સંગ્રહ માટે એરંડીના દાણા

૨. ચણાના સંગ્રહ માટે ફુદીનાનાં સૂકાં પાન
૩. ચોખાના સંગ્રહ માટે વડલાનાં સૂકાં પાન
૪. ચોખાના સંગ્રહ માટે કોપરાંની છીણ
૫. ઘઉંના સંગ્રહ માટે દીવાસળી
૬. ઘઉંના સંગ્રહ માટે બોડુથરાનાં ફળ અને સૂકાં લીમડાનાં પાન
૭. બાજરીના સંગ્રહ માટે લીંબુડીનાં પાન અને લીમડાનાં પાન
૮. તુવેરના સંગ્રહ માટે મીંઢળ
૯. લસણના સંગ્રહ માટે વેકરો (ઝીણી રેતી)
૧૦. મકાઈના સંગ્રહ માટે લીમડાનાં પાન, રાખ અને મીઠું
૧૧. મગના સંગ્રહ માટે લીમડાનાં પાન, મીઠું અને છીંકણી
૧૨. જુવારના સંગ્રહ માટે આખાં મરચાંના ટુકડાનો ઉપયોગ.

જેવા નુસખાઓ દ્વારા અનાજસંગ્રહની રીત જાણવા માટે ગૃહિણીઓએ નોંધ લીધી હતી.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

આ મેળામાં બાળકો માટે જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવી વિવિધ પ્રવૃત્તિઓ સૃષ્ટિ દ્વારા પણ યોજવામાં આવી હતી, જેમાં હલકાં ધાન્યોની ઓળખ, વૃક્ષોની ઓળખ, ઔષધીય વનસ્પતિઓની જાણકારી વગેરે વિષયો ઉપર નાનકડી, ક્વિઝ તથા ૧ મિનિટની રમતો યોજી હતી. આ ઉપરાંત ચેતના, ગણતર, અખંડ જ્યોત ફાઉન્ડેશન સંસ્થાઓને પણ આ મેળામાં આમંત્રિત કરીને બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. ચેતના સંસ્થાએ પર્યાવરણ બચાવો અને સ્વાસ્થ્ય જાગૃતિના નાટક તથા સાપસીડીની રમત દ્વારા સ્વચ્છતા અને આરોગ્યના પાઠ બાળકોને ભણાવ્યા. ગણતર સંસ્થાએ બાળકોમાં ભુલાતી જતી શેરીરમતો જેવી કે, આંધળોપાટો, મારદડી, થપ્પો, નાગોલચું,


સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ રહેલાં બાળકો

સાતોલિયું, ભમરડા, લખોટી, ઇંડું, પગથિયાં, દોરડા વગેરે રમતો વિશે નાની ક્વિઝ યોજીને તે દ્વારા આ રમતો રમવા માટે બાળકોને પ્રોત્સાહિત કર્યાં. તદુઉપરાંત આયોડિનની જરૂરિયાત તથા તેના સ્રોતો વિશે માહિતગાર કર્યાં અને બાબુકાકાએ જાદુના ખેલ દ્વારા બાળકોમાં જબરદસ્ત આકર્ષણ જમાવ્યું.

અખંડ જ્યોત ફાઉન્ડેશન સંસ્થાએ જૂના મોજામાંથી ઢીંગલી બનાવવાની કળા તથા માટીનાં રમકડાં દ્વારા બાળકોમાં ઉત્સુકતા જગાવી હતી.

સંશોધન અને સમાજ વિકાસ કેન્દ્ર-કચ્છ સંસ્થાના કાર્યકર્તા રામજી ડાભીએ માટીમાંથી


કચ્છના ભૂકંપગ્રસ્ત વિસ્તારના બાળકોએ બનાવેલ સર્જનાત્મક રમકડાંનું પ્રદર્શન

બનાવેલાં રમકડાં જેવાં કે હાથી, ઘોડા, બળદ ગાડું, ઘેટી, ઊંટ, હરણ, માટીની કોઠીઓ, આદિવાસીઓનાં વાસણો, ચમચો જેવાં રમકડાં દ્વારા બાળકોને આનંદિત કર્યાં હતા.

**Supported by : EU - INDIA-Economic Cross Cultural Programme**